


## સલામી સવારની..

*દુષ્કર્મો-દુષ્કૃત્યો નો આશ્રમોમાં કોઈ અંત નથી*
*લાચાર-પરવશ 'સ્ત્રી'-શક્તિમાં કોઈ ખંત નથી,*
*વાંક છે મહંતો સાથે, ગાંડી - ગાગલી - ઘેલછાનો -*
*ફૂટી નિકળ્યા છે બાબા-બાપુઓ, કોઈ સંત નથી*
*(જેલમાં વ્યાખ્યાનો ગોઠવો!)*

હાઈકુ

*મૂર્ખ ભૂમિમાં*
*એ લોભ-લાલચ નાં -*
*વાવે સપનાં...*
*(ભોળી ભકતાણીઓ...)*

*ફૂટ્યા કરે છે,*
*અનેક રક્ત બીજો -*
*અધર્મ - ભૂમિ...*
*(ભૂત મરે, પલીત જાગે)*

### ચિંતન

*તત્વમસિ ઈનકે ઉપદેસા, ઈ ઉપનિસદ કહૈ સંદેશા ।*
*ઈ નિશ્ચે ઇન્હકે બડ ભારી, વાહિક બરન કરૈં અધિકારી ॥*

**ઉપરોક્ત શ્લોક પંજરિકા સ્તોત્રમાંથી લેવામાં આવેલ છે.**

**આ અવગતિ તત્ત્વનો અર્થાત સઘળાં પ્રમાણોથી અગમ્ય, નામરૂપાદિ રહિત, નિત્ય શુદ્ધ-બુદ્ધ-મુક્ત સ્વરુપ બ્રહ્માત્મ તત્વના તત્વમસિ (તે તું છે) એ પ્રકારના ગુરુના ઉપદેશ વડે જિજ્ઞાસુને જાતિ કે કુળ ના ભેદ વિના આત્માના બ્રહ્મરુપ નો અપરોક્ષ અનુભવ થઈ જાય છે. કબીર કહે છે, તે કેવળ હું જ નહિં, પરંતુ ઉપનિષદ પણ એ ઈશ્વરી સંદેશ કહે છે અને અદ્વૈતવાદી વિદ્વાનોનો એ ઘણો મોટો નિર્ણય છે. એ પ્રમાણે અધિકારીજનો વર્ણવે છે.**

**વિધિ-નિષેધાત્મક ક્રિયા વાક્ય જ શબ્દ બોધના જનક હોય છે. 'તત્ત્વમસિ' એવું વાક્ય નથી, 'તત્ત્વમસિ' વાક્યથી વિધિ - નિર્ષેધ રહિત કેવળ સિદ્ધ વસ્તુનું બ્રહ્મજ્ઞાન થાય છે.**

### સુવિચાર

- લુચ્ચાઈ એટલે વક્ર બુદ્ધિ - **બેકન**
- ભગવાનને થયું કે હું એક છું તે અનેક થાઉં, એટલે સૃષ્ટિ પેદા થઈ, પ્રભુની આ લીલા છે - **છાંદોદય ઉપનિષદ**
- તમે લક્ષ્ય ન લીંધી શકો તો તેમાં લક્ષ્ય નો શો દોષ ? તે માટે તો તમારે દૃષ્ટિ સુધારવી પડે અને દૃષ્ટિ સુધારવા માટે પંડને સુધારવો પડે - **એસ. ભટ્ટાચાર્ય**
- રૂઢિ એટલે જેના વડે ભલભલાને દાબમાં રાખી શકાય એવો સમાજનો વણ લખ્યો કાયદો - **કાંતિ ભટ્ટ**
- યુવાનોને માન આપો - એ મોટા થઈને મહાન નહિ થાય એની શી ખાતરી ? - **કન્ફુશિયસ**
- જે જન દોડશે લેવા જશ, તે સાંભળશે : 'આઘો ખસ' - **ઉમાશંકર જોશી**
- આજનું ઔષધ : ઘા જલ્દી રૂઝાતો ન હોય તેમણે લીમડાના પાન વાટી પોટીસ બનાવી ઘા પર સવાર-બપોર-સાંજ મુકવી. ઘા જલ્દી રૂઝાય છે. **(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

રાબી શેલ્મેક કરોડપતિ. આમ કરકસરથી જીવે પણ દિલથી ઉદાર અને દાનવીર હતો. એક વાર ઘરે એકલો હતો અને દુર્બળ રોગી એવો ભીખારી આવ્યો. બીજું કંઈ હાથમાં ન આવ્યું તો પત્ની નો કબાટ ખોલી એક ચાંદીની વીંટી ભીખારીને આપી દીધી. થોડીકવારમાં શેલ્મેકની પત્ની આવી એણે જોયું કે કબાટમાં ખોળાખોળ થઈ છે અને પેલી વીંટી દેખાઈ નહીં. તરત તેણીએ પૂછ્યું, 'ચાંદીની વીંટી કયાં ગઈ' રાબીનો જવાબ 'પેલા ભીખારીને આપી દીધી.'

પત્નીએ કહ્યું, 'વીસ પાઉન્ડની વીંટી તમે ભિખારીને આપી દીધી?? જાવ હમણાં જ ને ભિખારી પાસેથી વીંટી પાછી લાવી આપો. રાબી દોડ્યો ભીખારી પાછળ, લોકો બી સમજ્યા કે રાબી એ કંઈક ભીખારીને આપ્યું અને હવે પાછું લેવા દોડે છે...

રાબી એ ભીખારીને ઊભો રાખીને કહ્યું, 'ભાઈ, પેલી જે વીંટી મેં તને આપી છે તેની કિંમત વીસ પાઉન્ડ છે માટે તું જો એ વેચવા જાય તો તને કોઈ છેતરી ન જાય.' બસ આટલું કહી તે ઘરે પાછો વળી ગયો. આવી હતી રાબીની અનોખી ઉદારતા, માનવતા...

# રાહુલની ગુજરાતયાત્રા

તંત્રીસ્થાનેથી...

દ્વારિકાધીશનાં દર્શન કરીને ચૂંટણી પ્રચારની શરુઆત કરનાર રાહુલ ગાંધી આગામી થોડા જ સમય દરમિયાન પાર્ટીનું અધ્યક્ષપદ સંભાળવાના છે. ગુજરાતની વિધાનસભાની ચૂંટણીમાં એમને સફળતા સાંપડશે તો તે બાબત એમની કારકિર્દીની અત્યાર લગીની સૌથી સુખદ અને યાદગાર ઘટના બની રહેશે. માણસ જયારે ચારે બાજુથી ઘેરાઈ જાય છે ત્યારે એ છેલ્લે પરમ તત્ત્વનું શરણું શોધે છે. કયારકે અણધારી રહસ્યમદ મદદ મળી જાય છે અને ડૂબું ડૂબું થઈ રહેલી એની જીવનનૌકા મઝધારમાં વમળ અંડોળી કિનારે પહોંચી જાય છે. આવું માત્ર અને માત્ર પરમ તત્ત્વની કૃપા થકી જ શકય બની શકે. રાહુલ ગાંધીને કદાચ આવી જ કોઈ અંતઃપ્રેરણા થઈ હોય અને અત્યાર લગીની નિરંતર મળતી રહેતી નિષ્ફળતાઓની પરંપરાને ખાળવા ખુદ દ્વારિકાધીશે જ એ આશાસ્પદ રઝળતા રાજકુમારને આશીર્વાદ આપવા બોલાવી લીધો હોય. આ વિસ્મયભર્યા બ્રહ્માંડમાં કશું જ અશકય નથી. કસોટીકાળ પૂરો થાય, ઘોર અંધારી રાત સમાપ્ત થાય અને નવી આશાઓનો સૂર્યોદય થાય એ તો કુદરતનો ક્રમ છે. દ્વારિકાધીશ જ સારથિ બને તો અર્જુન ભલભલા મહારથીઓને પરાસ્ત કરી શકે અને જે ક્ષણે એ રથ છોડીને નીચે ઊતરે કે તરત મહાભારતનો વિજયરથ ભડ ભડ સળગી જાય ! રાહુલ ગાંધીને 'પપ્પુ' કહી સોશિયલ મીડિયામાં મજાકનું પાત્ર બનાવનારા આજે એ જ સોશિયલ મીડિયાની તીખી તમતમતી ભૂંડી મજાકનું પાત્ર બની ગયા તે જ શું ચક્રવત્ ફરતી ઘટમાળનો પુરાવો નથી ? રાહુલ કરતાં વધુ હાસ્યાસ્પદ સ્થિતિમાં આજે શાસક પાર્ટી અને એમનો 'ગાંડો' થયેલ વિકાસ મુકાઈ ગયેલ છે. સામાન્ય પ્રજાનું ભ્રમનિરસન થઈ ગયું છે એની તો ખુદ શાસક પક્ષને પણ ખબર પડી ગઈ છે. ખેડૂતોનાં દેવા માફ કરવાનું પગલું તો એ ભરશે તો પણ એનો જશ કોંગ્રેસને મળવાનો છે કારણ કે એણે અગાઉથી જ પોતાની સરકાર આવશે તો ખેડૂતોનાં દેવા માફ કરવાનું વચન આપી રાખ્યું છે. મગફળીના ટેકાના ભાવ વધારીને ગુજરાત સરકારે જરૂર પાણી પહેલાં પાળ બાંધવા કોશિશ કરી છે. પરંતુ અસહ્ય મોંઘવારી, બેકારી અને શાસક પક્ષના દેખાડાઓથી ત્રાસી ગયેલી પ્રજા કદાચ કોંગ્રેસને ઘણા વર્ષો પછી એક તક આપવા તૈયાર થાય એમ પણ બને. વડાપ્રધાન સતત સુરક્ષાના ઘેરામાં રહે છે અને જનસાધારણને દૂર ઊભા ઊભા હાથ હલાવી સ્માઈલ આપે છે એના ઠેકાણે નહેરુ ગાંધી વંશનો આ સોહામણો રાજકુમાર સલામતીની પરવા કર્યા વગર ગામડાં ખૂંદતો થયો છે. મોદી કહે છે કે મારે કોઈ સગાસંબંધી નથી; રાહુલ ગાંધી પણ દેશ ખાતર કુંવારા રહ્યા હોવાનો દાવો જરૂર કરી શકે. વળી એમની પૂર્વ પેઢીઓએ દેશ ખાતર આપેલાં બલિદાનો જગજાહેર છે. વિદ્યાર્થીઓ સાથે મોદી કરતાં રાહુલ ગાંધીની બોડી લેંગ્વેજ વધારે ફિટ બેસે છે. તેઓ સળંગ ત્રણ દિવસ સૌરાષ્ટ્રનો પ્રવાસ કરી એક તરફ યુવાનોને તો બીજી તરફ માછીમારો અને ખેડૂતોને મળે છે. વકતા તરીકે પોતે મોદી જેવા અસરકારક નથી, પણ એમનું સ્મિત મોહક છે. ગુજરાત મોદીની જેમ જ રાહુલના નેતૃત્વ માટે પણ લિટમસ ટેસ્ટની ગરજ સારે એમ છે. જો ગુજરાતમાં રાહુલને સરખો પ્રતિસાદ મળશે તો ૨૦૧૯ની રાષ્ટ્રીય ચૂંટણીમાં તેઓ એક મજબૂત પ્રતિસ્પર્ધી બની ઊપસી શકશે એમાં શંકાને સ્થાન નથી.

# ફાધર, આઈ અન્ડરસ્ટૂડ એવરીથિંગ




મારા જન્મ પહેલાં મારા પિતાએ, અને મારા પિતા એકલા એ નહીં આખા વાલ્મિકી સમાજ ધરાવતા મહોલ્લાએ ધર્મ પરિવર્તન કરી લીધું હતું. અને મારા એ વિસ્તારનું નામ મસીહગઢ થઈ ગયું હતું. આજે પણ એ જ નામ છે. મહોલ્લામાં એક ખુબ સુંદર ચર્ચ બનાવવામાં આવ્યું છે. તેમાં કદાચ પહેલાં પણ શહેરમાંથી મોટી નન્સ અને ફાધર્સ અમારા મહોલ્લામાં આવતા હશે. આજે પણ સાથે છે. મહોલ્લાની પરિસ્થિતિમાં ઘણું પરિવર્તન આવી ગયું છે.

મેં પણ ખૂબ મહેનત કરી. લગની રાખીને ઈમાનદારી પૂર્વક ભણી અને આજે એલ.આ.સી.માં અધિકારી તરીકે કાર્યરત છું.

એક દિવસ મને મનમાં થયું કે આપણા ચર્ચમાં તો કાયમ નિયમાનુસાર જઈએ જ છીએ. ચાલો આજે શહેરના મોટા ચર્ચમાં જઈને પ્રભુ ઈસુની પ્રાર્થના કરું, તેમના આશીર્વાદ લઉ. તેથી હું ત્યાં ગઈ. મોટા ચર્ચમાં પુજા ચાલતી હતી. સાહેબો અને મેમસાહેબો કેવાં ગોરાં અને રૂપાળાં હતા. મસ્ત તૈયાર થઈને બધાં પોતપોતાના બાળકો અને પ્રિયપાત્રોની સાથે પ્રભુ ઈશુની વંદના કરવામાં મગ્ન હતા. હું પણ છેલ્લી લાઈનમાં બેસી પ્રભુ વંદનામાં લીન થઈ ગઈ હતી.

ઘણીવાર બાદ પ્રેયર પુરી થઈ ત્યારે બધા આપસમાં એકબીજા સાથે વાતો કરતાં હતા. અને એકબીજાને 'વીશ' કરતાં હતા. બધા આપસમાં ખુશખુશાલ હતા. હું ભીડમાં પણ બિલકુલ એકલી હતી. મને દુઃખ હતું. હું વિચારતી હતી કે કોઈ મારી સાથે પણ વાત કરે.

તે વખતે કોઈ પવિત્ર હાથનો સ્પર્શ મારા ખભે થયો. ફાધર ઓફ ધ ચર્ચ, હાં એ ફાધર જ હતા. તેમણે ખુબ જ પ્રેમપૂર્વક મારી સાથે હાથ મિલાવ્યા. હું ખુબ રાજી થઈ.

'તમે કોણ ?' જાણે કે દેવવાણી થઈ.

'ફાધર, મારું નામ ક્રિસ્ટીના લાલ છે. મારા પિતાનું નામ મંગુલાલ હતું. તેમણે જ ખુબ પ્રેમથી જીસસ, ક્રાઈસ્ટના નામ પરથી મારું નામ ક્રિસ્ટીના રાખ્યું હતું.'

'યા... યા... આઈ અંડર સ્ટુડ, યુ આર ફ્રોમ મસીહગઢ' પછી ફાધરે નફરત ભરી નજર મારા પર નાંખી અને બોલ્યા, 'યુ નો... આઈ થિંક... ધેર ઈઝ ઓલ્સો અ ચર્ચ, યુ મસ્ટ ગો ધેર, ધેઝ મેઈડ ઓનલી ફોર યુ એન્ડ પીપલ લાઈક યુ, ધીસ ચર્ચ ફોર....' પછી ફાધરે પેલા ગોરા સુંદર તૈયાર થયેલા અપડુટેડ લોકો તરફ જોવા લાગ્યા. 'ગોડ બ્લેસ યુ માય ચાઈલ્ડ' માથા પર હાથ ફેરવી જતાં જતાં તેમણે કહ્યું, 'યૂ અન્ડરસ્ટેન્ડ વ્હોટ ડીડ આઈ સે' હું ત્યાં એક પણ પર રોકાઈ નહીં અને બહાર નીકળતાં નીકળતાં બોલી, 'આઈ અન્ડરસ્ટુડ ફાધર... આઈ અન્ડરસ્ટુડ એવરીથીંગ' અને કોણ જાણે કેમ મારી આંખો ભરાઈ આવી. જેને મેં મારી હથેળીઓથી બંધ કરી લીધી.

# બ્રહ્મ સત્ય અને જગત મિથ્યા સમજવું અઘરું છે

ભગવાન બુદ્ધે કહ્યું છે કે ''સર્વમ્ દુઃખમ્ દુઃખમ્...'' આદિ શંકરાચાર્યે કહ્યું છે કે ''બ્રહ્મઃ સત્યમ્, જગત્ મિથ્યાઃ'' ભગવાન બુદ્ધે સન્યસ્ત જીવન પસંદ કર્યું એ પહેલા તો તેઓ રાજવી પરિવારના રાજકુમાર ગૌતમ હતા. જગતના સૌ સુખો તેમના માટે સુલભ હતા. સર્વ વૈભવ છોડીને ત્યાગી બનવાનું પસંદ કર્યું હતું. તેમણે ધર્મ-અધ્યાત્મ માર્ગ પસંદ કર્યો અને કહ્યું કે દુનિયાના લોકોને જગતમાં જે કંઈ સુખ દેખાય યા અનુભવાય છે, તે સર્વમ્ દુઃખ જ દુઃખ છે. કશામાં સુખ નથી.

આદિ શંકરાચાર્ય પણ કહે છે એમ સમસ્ત જગત મિથ્યા છે અને એક માત્ર બ્રહ્મ જ સત્ય છે. આથી બ્રહ્મ અથવા સત્યની ઉપાસના કરવી જોઈએ. ભગવાન આપણને માર્ગ બતાવતા રહે છે. આપણે બાહ્ય દૃષ્ટિથી સર્વ બાબત નિહાળતા હોઈએ છીએ. જ્યારે ભગવાન સર્વ બાબતને અંતઃદૃષ્ટિથી નિહાળીને માર્ગદર્શન કરતા હોય છે. માનવીની વિચારવાની શક્તિ જ્યાં પૂર્ણ થાય છે, ત્યાંથી પરમાત્માની પરમશક્તિનો આરંભ થાય છે.

એક નાનકડું ઉદાહરણ સમજીએ કે કેફી પદાર્થનું સેવન કરનારને એમાં જ સુખની અનુભૂતિ થતી હોય છે. કેફી પદાર્થનું વ્યક્તિને વ્યસન થઈ જાય છે. પરંતુ જે વ્યક્તિ સારા-નરસાની પરખ સમજે છે તેને ખબર હોય છે કે આ પ્રકારના કેફી પદાર્થથી દૂર રહેવામાં જ ભલાઈ છે. બીજી તરફ જે તબીબ-વિજ્ઞાની છે તેને તો કેફી પદાર્થથી માનવશરીર ઉપર થતી આડઅસરો અને જીવલેણ રોગોની વિસ્તૃત જાણકારી પણ હોય છે. જે વ્યક્તિ વ્યસની છે, તેની જાણકારી અથવા બુદ્ધિ છે, તેના કરતા અનેકગણી વધારે તબીબ-વિજ્ઞાની યા શિક્ષિત અને સમજદાર વ્યક્તિ જાણકારી ધરાવતા હોય છે.

સમજનું બીજું પાસું પણ જોઈએ. સમજદાર વ્યક્તિના ભાગે સમજવાનું વધારે આવતું હોય છે. મા-બાપ પોતાના નાના સંતાનનો પક્ષ લઈને હંમેશા મોટા સંતાનને સમજાવતા હોય છે કે ''બેટા, તું તો મોટો અને સમજદાર છું. નાના ભાઈ અથવા બહેન માટે તારે જતું કરવું જોઈએ.'' જો કે સમજદાર વ્યક્તિ હંમેશા સમસ્યાઓના ઉકેલ માટે હોય છે અને

> **શબ્દ અથવા જીભ પણ એક શસ્ત્રનું કામ કરે છે, વેદોમાં આમ તો શબ્દને ''બ્રહ્મ'' કહ્યો છે, શબ્દો તોળીને, જોખીને, વજન કરીને બોલવા જોઈએ, શબ્દોથી આપણે કોઈને મારી પણ શકીએ છીએ, તે વ્યક્તિનો જીવ જ બાકી બચ્યો હોય, શબ્દો વડે જ આપણે સામી વ્યક્તિનું હૃદય જીતી લઈ શકીએ છીએ**

ધીરજવાળી વ્યક્તિએ કાર્યને સુપેરે પાર પાડવાનું હોય છે. સમસ્યા ત્યારે સર્જાય છે કે જ્યારે તમે વધુ બોલો છો. કાર્ય કરવાનો ઉત્તમ રસ્તો ઓછું બોલીને ધ્યેય યા કાર્ય પ્રતિ આગળ વધવાનો હોય છે.

જન્મ સાથે આપણા નસીબમાં મૃત્યુ નામનું સત્ય લખાઈને જ આવ્યું હોય છે. સત્યવ્રત રાજવી યુધિષ્ઠિર પાંડવબંધુઓ અને દ્રૌપદી સાથે સ્વર્ગારોહણ માટે નીકળવાના હોય છે તેના આગલા દિવસોમાં યુધિષ્ઠિરે કોઈ કાર્યનો નિર્દેશ કર્યો ત્યારે સહદેવે એવો જવાબ આપ્યો કે ''આપણે આ કાર્ય આવતીકાલે કરીએ તો?'' આટલું સાંભળતા જ યુધિષ્ઠિર સહદેવને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવા પગે પડવા જાય છે કે તરત એમને રોકતા સહદેવ આશ્ચર્યચકિત થઈને પુછે છે કે ''મોટા ભાઈ, આપ મને પગે લાગીને પાપમાં કેમ મૂકી રહ્યા છો?''




યુધિષ્ઠિર વિસ્તારથી સમજાવતા કહે છે કે ''ભ્રાતાશ્રી, તમે કોઈ પણ કાર્ય આવતીકાલે કરીશું, એમ કહો છો. એનો અર્થ તો એ થયો કે તમે કાળ ઉપર વિજય મેળવી લીધો છે અને કાળ ઉપર તો એક માત્ર ભગવાન જ વિજય મેળવી શકે છે. આથી આપ તો ભગવાન છો, માટે આપને હું દંડવત્ પ્રણામ કરવા માગું છું.'' આટલું સાંભળીને સહદેવ શરમાઈ ગયા અને પોતાની ભુલ પણ સમજાઈ ગઈ.

એક લોકોક્તિ છે: ''શબ્દે માર્યા મરી ગયા, ને શબ્દે હાર્યા હારી ગયા.'' શબ્દ આપણી પાસે ઘણું બધું કરાવી શકે છે. જીભ દરેક પાસે હોય છે. શબ્દ અથવા જીભ પણ એક શસ્ત્રનું કામ કરે છે. વેદોમાં આમ તો શબ્દને ''બ્રહ્મ'' કહ્યો છે. શબ્દો તોળીને, જોખીને, વજન કરીને બોલવા જોઈએ. શબ્દોથી આપણે કોઈને મારી પણ શકીએ છીએ, તે વ્યક્તિનો જીવ જ બાકી બચ્યો હોય. શબ્દો વડે જ આપણે સામી વ્યક્તિનું હૃદય જીતી લઈ શકીએ છીએ. કોઈ વ્યક્તિના હૃદયમાં સ્થાન મેળવવા માટે પ્રેમથી બોલાયેલા થોડા શબ્દો જ પુરતા હોય છે.


તમે ગમે તેટલા બહાદુર હોવ તો પણ તમારી શક્તિ, બાહુબળ, તમારા ગજાની મર્યાદા નિયતિએ નક્કી કરી જ હોય છે. ગજાથી વધુ કોઈ કશું જ કરી શકે નહીં. પરમપિતા પરમાત્મા જ સર્વશક્તિમાન તત્વ છે. આપણે ગમે તેટલા વિચારવાન હોઈએ, પરંતુ જે પરમાત્મા છે તે જ ઘણા બધા મહાન કાર્ય અથવા મહાન વિચારો આપણા મન-મસ્તિષ્કમાં મૂકી આપતા હોય છે. જો તમે ઈશ્વરના યાને ધર્મના માર્ગે ચાલો છો તો તમને કોઈ ચલિત કરી શકતું નથી. ટૂંકમાં જ્યારે તમે સત્યના માર્ગે ચાલો તો સ્વયં ઈશ્વર પણ તમારી મદદની ખેવના કરે છે.

જસ્ટ ટ્વીટઃ-
''સુખ એટલે હવાને મુઠ્ઠીમાં બંધ કરવી.''

—કિંગ સોલૉમન

# રિટર્ન ટિકિટનાં આંસુ...!! અમે તો ચાર દિવસમાં પિયર છોડી પાછાં ચાલ્યાં જાશું...!!

પરણીને અમેરિકા સેટલ થયેલી પરી ખાસ નવરાત્રીમાં ગરબા રમવા પિયર આવી હતી. એનું શહેર એનાં ગરબા અને ઘરના ખૂણે ખૂણામાં એની યાદોના ઝુલે ઝુલવા લાગી... આ મંગળસૂત્રને કારણે નહીં પણ ભરેલી બેગના કારણે હવે પારકું લાગે છે, હર ક્ષણ મને અહીં મહેમાન જેવું લાગે છે....



મમ્મી કહે છે કે જે વસ્તુનું કામ ન હોય એ તરત બેગમાં મુકી દે, નહીં તો જતી વખતે ભૂલી જઈશ, તું દર વખતે કંઈ ને કંઈ તો ભૂલી જ જાય છે, અને ત્યારે આ ઘરમાં હવે મહેમાન હોવાનો ભાસ થાય છે... પિયર આવતાં પહેલાં તો રિટર્ન ટિકિટ બુક થઈ જાય છે. ગમે તેટલી રજી લઈને આવીએ તોય એ ઓછી જ પડે છે. સમયના રેતની જેમ જ પિયરની રેત જલ્દી સરકતી જાય છે...

'પાછી કયારેક આવીશ ?' આવો સૌનો પ્રશ્ન સાંભળીને લાગી આવે છે. મનમાં જ રડવું આવે છે, પણ પાછી જવાબદારીનું ભાન થતાં ડાહ્યા ડમરાં થઈને વર્તવું પડે છે મારી રૂમનો ખૂણે ખૂણો મારાં સ્પર્શથી ટહૂકતો હતો, મારી ઈચ્છા મુજબ શણગારાતો હતો. હવે તો ફેન-લાઈટ લગાડતાંય હાથ ધ્રુજે છે, કારણ કે બે-ચાર દિવસમાં તે આ જગ્યા છોડવાની છે...

કલાસમેટ, હરવું-ફરવું, ખાવા-પીવામાં કયારેક તો મમ્મી - પપ્પા સાથે સમય નથી અપાતો અને જવાનો દિવસ આવીને ઊભો રહી જાય છે. છેલ્લા દિવસે ઘરમાંથી નીકળતાં મમ્મી સાથે આંખ નથી મીલાવતી કારણ એમ કરવા જતાં મોડું થાય અને ટ્રેન - બસ ફલાઈટ ચૂકી જવાય... એટલે ઑવરફલો થયેલી આંખોને કાબુમાં રાખી એ કાર્યક્રમ પ્રવાસમાં જ કરવો પડે છે, ત્યારે દિલ ભરાઈ આવે છે...

... પરીનો પરસેવો ચુકાયો હતો. એણે હળવેથી બીજી ચાવીથી લોક ખોલી ઘરમાં પ્રવેશ કર્યો. રાતના બે વાગ્યા હતા. પપ્પા-મમ્મી, ભાઈ સુતા હતા. એને એનાં લગ્નનાં આગલા દિવસની વાત યાદ આવી... ગરબા પત્યા હતા અને રાતના ત્રણ વાગ્યા, એને યાદ આવ્યું આ ઘરમાં આજે એની છેલ્લી રાત હતી, કન્યા વિદાયનું કાઉન્ટડાઉન શરૂ થયું હતું. એની ઊંઘ ઉડી ગઈ હતી...

એની નજર એમના પરથી ખસતી નહોતી. એ મનમાં વિચારતી હતી, શું સાચ્ચે જ કાલે આ પથારી, આ સાથ છોડવાનો છે? મનમાં ડર હતો. અત્યાર સુધી આ ઘરમાં મારો પડ્યો બોલ ઝીલાતો હતો. હવે મારે કાલથી સાસરે બધાંનો પડ્યો બોલ ઝીલવો પડશે. હું આટલી ઝડપી મોટી થઈ ગઈ

> કેટલું અઘરું સ્મરણ અધૂરું છોડવાનું,
> કાચી ઊંઘે પોપચું છે ખોલવાનું !
> - સાકેત દવે

ખબર જ ના પડી... એની નજર પપ્પા સામે પડી...

સ્વભાવે કડક, શિસ્તના આગ્રહી પણ નારિયેળ જેવાં, ઉપરથી કડક અને અંદરથી મીઠાં પાણી જેવા. મને હંમેશા તૈયાર કરવામાં એમનું યોગદાન. પપ્પા એટલી ૧૦૮ની સર્વિસ. માત્ર એટલું જ કહેવાનું કે આ જોઈએ છે. પત્યું, પૈસા-સમય છે કે નહીં? ખબર નહીં પણ એમનું પાકીટ અમારાં માટે કાયમ અક્ષયપાત્ર. એ પોતે તો બનીયાનમાં ચાર કાણાં પડે તોય પહેરે પણ અમને દિવાળીમાં ચાર જોડી કપડાં અપાવે. મારી કૉલેજ ફી હોય કે ડ્રાઈવીંગ લાયસન્સ, પાસપોર્ટ હોય કે પિકનીક, ના-ના કરતાં છેલ્લે બધું હા જ થયું હોય. મારું દસમાનું રિઝલ્ટ હતું, સવાર સવારમાં મને ઢંઢોળી નાંખી જો તો ખરી તારે મેથ્સ-સાયન્સમાં કેટલા માર્ક આપ્યા છે? એમની આંખોમાં આંસુ હતા, અવાજ ગાયબ! મારી દરેક સફળતાને એમમે ઉજવી છે.

એ મારા મનની વાત સમજી જતા. ત્યારે પણ મને થયેલું એ જો અત્યારે ઊઠીને મારે માથે હાથ ફેરવે તો કેટલું સારું? અને ચમત્કાર જુઓ પપ્પા રડતાં રડતાં ઉઠેલા અને કેટલી વાર સુધી મારાં માથે વ્હાલથી હાથ ફેરવતાં રહ્યાં... હવે રડવાનો વારો મારો હતો, એક સ્ટ્રોંગ વ્યક્તિત્વ જેણે મને ખખડાવી - ફાયરીંગ કરી મજબૂત બનાવી છે...

અમે બંને નિશબ્દ વાતો કરતાં હતા. ત્યારે મારી નજર મમ્મી પર પડી. મમ્મીનો હું પડછાયો, મને સાસરે તકલીફ ન પડે માટે મિલિટ્રી ટ્રેનિંગ આપનાર. એનું વઢવા પાછળનું વહાલ તો અમને સાસરે જઈને જ સાચું સમજાયું. મમ્મીને બધી જ ખબર કે મારે શું અને કયારે જોઈએ. મારાં દૂધથી લઈ લંચપેક સુધી બધું એ જ તૈયાર કરે, એ પોતાનાં માટે ખરીદી કરવા ગઈ હોય તોય મારાં માટે ચપ્પલ-ટોપ લઈ આવે. મને મોડું થયું હોય તો એની ચિંતા અને ચિડિયાપણું તરત દેખાય. મારી કોઈ વાત એને ખબર ન હોય એ શકય જ નથી. અમારા બંનેનાં સંબંધ ટોમ જેરી જેવા. પપ્પા અને હું શાંત હતા છતાંય મમ્મી કયારે જાગીને અમારી સાથે આંસુની કંપની આપવા જોડાઈ ખબર જ ના પડી!




નાનો ભાઈ સૂતો હતો. એ માત્ર ઉમરમાં જ નાનો, બાકી મેચ્યોરિટીમાં બરોબરીનો જ હતો. મારા-મારી અને મસ્તી વચ્ચે અમે ભાઈ-બહેન મટી મિત્રો કયારે બન્યાં, કોને ખબર ? જયારે મારી સગાઈ થઈ ત્યારથી એ વધુ ગંભીર બનેલો, થોડો વધુ પુખ્ત, મને મારવાનું છોડી દઈ વધુ વહાલ કરતો થયેલો. અમને ત્રણેયને એમ કે એને કયાં ખબર કે આ છેલ્લી રાત એક બેડ પર સુવાનું છે. એને અમારાં છાનાં ડૂસકાં સંભળાયા હશે કે કેમ ? એ સીધો કૂદકો મારીને મને વળગી પડેલો અને ધ્રુસકે ધ્રુસકે રડેલો... અમે ચારેય એ પથારી પર કલાક બેસી રહેલાં, કશું બોલ્યાં વગર...

પરી એ પથારી પાસે સ્થિર હતી. વિચારો વહેતાં હતા, પણ આજે બધા શાંત હતા. એ પણ ચણીયાચોળી ચેન્જ કરી સુઈ ગઈ. સવારે આંખ ખૂલી તો દસ વાગ્યા હતા. આ ઝાટકો મારી ઊભી થઈ ગઈ, પછી પિયરમાં છે એવું ધ્યાને આવતાં ફરી બેસી પડી... એ ફરી વિચારે ચઢી,

દીકરીઓ પિયર કયાં કઈ લેવા આવતી હોય છે? એ તો પિયરિયાઓને પ્રેમ આપવાં આવતી હોય છે. એ મા-બાપને યુવાન અને ભાઈને ખુસ જોવા આવતી હોય છે. સાસરાના ટાઈટ ટાઈમ ટેબલમાંથી ફ્રી પિરિયડની મજા લેવાં આવતી હોય છે. ઘરનાં બારણે કાળો દોરો બાંધી કોઈની નજર ના લાગે એની કાળજી લેવાં આવતી હોય છે... અને એ જયારે બે-ચાર રજા ભોગવી પાછી સાસરે જાય ત્યારે ઘણું-બધું મુકીને જતી હોય છે. એમની યાદ, હાસ્ય, માયા, પ્રેમ અને મા-બાપની આંખમાં આંસુ...

ભરેલી બેગ અને રિટર્ન ટિકિટ એને મહેમાનનો અહેસાસ કરાવે છે. પોતાનાં જ ઘરમાં એને પારકું લાગે છે... એટલે પિયર આવેલી દીકરીને પારકું ન લાગે એની જવાબાદારી તો આપણી જ ને ? એને એકલું ન આવે, અલગ ન લાગે, વેકેશન મોટું ન લાગે એટલું તો જોવું જ રહ્યું. એ કયાં વધુ રહેવાની છે, બે-ચાર દિવસમાં તો રિટર્ન ટિકિટનાં આંસુ સાથે જર્ની કરવાની છે.

ચૂંટલો : 'મેરે ઘર આઈ એક નન્હી પરી...' ગાઈને વેલકમ કરેલી પરીને કયારે પાંખો ફુટે અને સાસરે ઉડી જાય ખબર જ નથી પડતી. કહેવાય છે ને કે આંસુ અને દીકરી સરખાં જ... આંખે આવે છે આંસુ વહી જવા માટે, તો દીકરી પણ ક્યાં આવે છે કાયમ પિયર રહી જવા માટે !